Vol. 8, Issue: 8, August: 2020 (IJRSML) ISSN: 2321 - 2853

# મહિલા સશક્તિકરણમાં સૂક્ષ્મ ધિરાણનો ફાળો: એક સંશોધન અભ્યાસ

પુષ્પા ચૌધરી


## સારાંશ

સુક્ષ્મ ધિરાણ શબ્દનો પ્રારંભ અર્થશાસ્ત્રના પ્રોફેસરશ્રી મહોમંદ યુનિસ દ્વારા થયેલો છે. સુક્ષમ ધિરાણ અને નાનું ધિરાણ પણ કહી શકાય. જે શહેરી અને ગ્રામીણ વિસ્તારમાં વસતા જરૂરીયાતવાળા કુટુંબોને આપવામાં આવે છે. ભારતમાં વર્ષ ૧૯૯૨માં પાયલટ પ્રોજેકટ તરીકે સ્વીકાર કરવામાં આવ્યો. જેના અનુસંધાને સખી મંડળ ગૃપનો પણ સમાવેશ કરી શકાય. મહેસાણા જિલ્લામાં વર્ષ ૨૦૧૩ સુધી ૮૯૫૬ સખી મંડળ દ્વારા ૨૧૯૪.૫૨ લાખનું સુક્ષ્મ ધિરાણ કરવામાં આવેલ. જ્યારે મહેસાણા તાલુકામાં ૧૮૮૦ ગૃપોમાં ૬૨૧.૫૧ લાખનું સુક્ષ્મ ધિરાણ કરેલ. જેના દ્વારા મહિલાઓની બચત શક્તિમાં વધારો થયેલ છે. આ ઉપરાંત ભૂતકાળની બચતો, વર્તમાન અને ભવિષ્ય માટે પણ ઉપયોગી સાબિત થઈ છે. જેમ કે બચત દ્વારા સ્વવલંબી તેમજ સરકારી કચેરી, બેંકો, શહેરીકરણના સંપર્કો વધવા લાગ્યા છે. આ ધિરાણનો ઉપયોગ ઘરના સમારકામ, બાળકોના શિક્ષણ, પશુપાલન માટે પશુઓની ખરીદી તેમજ નાના ધંધા કે રોજગાર મેળવવા પતિને પણ નાણાંકીય મદદ કરતા થયેલ છે. ટુંકમાં સુક્ષ્મ ધિરાણને કારણે મહિલાઓને સશક્તિકરણ તરફવાળી શકાય છે.


## ૧. પ્રસ્તાવના

"સુક્ષ્મધિરાણ એ ગરીબી અને ખાસ કરીને મહિલાઓ માટેની સમસ્યાઓના સમાધાન માટે વિકાસ ક્ષેત્રે ચાલતો એકમાત્ર વિશાળ કદનો કાર્યક્રમ છે. ભારતમાં સ્વ સહાય જુથો મારફ્તે મોટાપાયે ગરીબ મહિલાઓની સહભાગીના સાથે દેશ અને વિશ્વભરમાં આ કાર્યક્રમનો વિસ્તાર થઈ રહ્યો છે. સરકારો ઉપરાંત બેંકો, સાહસિક મુડીપતિઓ, નાણાંકીય ભંડોળો અને ખાનગી ક્ષેત્ર સહિતના નાણાંકીય વિશ્વ એમ સમુહમાં વિકાસ ક્ષેત્રમાં તેની તરફદારી થાય છે.

મહિલા સમુદાયની આપત્તિઓને ખાળવા માટે કામ કરતા ગણ્યા ગાંઠ્યા સંગઠનોમાં આ વ્યવસ્થાનો ઉદય થયા બાદ માઈક્રોફાઈનાન્સ ઉદ્યોગ ચાર દાયકાના ટૂંકા સમયગાળામાં જ ફુલ્યો ફાલ્યો છે અને રોકાણકારો માટે પણ આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. ઔપચારીક નાણાંકીય સેવાઓના અભાવ વચ્ચે ગરીબોને યોગ્ય દરે ધિરાણ મળવાની શક્યતાઓ ખુલ્લી કરવાના હેતુસર પ્રારંભે વિશ્વભરમાં માઈક્રોફાઈનાન્સ કાર્યક્રમનો ઉદય થયો હતો. વિસ્તારમાં પ્રવર્તી રહેલી શાખના આધારે અપાતા ધિરાણના જુના સામાજિક માળખા પર જ આ કાર્યક્રમની ઈમારત ઉભી થઈ રહી હતી. આવાં વ્યવસ્થાતંત્રની માલિકીપણ સભ્યોની જ રહેલી હતી. ૧૯૭૩માં ગરીબ કામદાર મહિલાઓના સંગઠન દ્વારા 'સેવા બેન્ક' ની સ્થાપના થઈ હતી. ત્યાર બાદ આ પગલાં અનુસાર ૧૯૮૦માં વિવિધ પ્રશ્નો સાથે સંકળાયેલી વિકાસ સંસ્થાઓએ મહિલાઓને વિકાસ પ્રક્રિયામાં સહભાગી બનવા માટે મહિલા જુથની રચનાનો વ્યુહ સાથે રાષ્ટ્રીય સ્તરે "ગ્રામીણ વિસ્તાર મહિલા અને બાળ વિકાસ કાર્યક્રમ" તેમજ "રાષ્ટ્રીય મહિલા કોષ" જેવી યોજનાનો આરંભ થયો. જયારે ૧૯૯૦માં મહિલાઓને પણ પુરુષો સાથે કદમ મિલાવવા માટે "રાષ્ટ્રીય મહિલા સશક્તિકરણ નીતિ" ઘડાતાં મહિલાને સામાજિક પરિવર્તન અને વિકાસના વાહક તરીકેની માન્યતા મળવા સાથે મહિલા સશક્તિકરણ માટેની અનેક યોજના અમલી બની એટલે કે મહિલાઓ નાણાંકીય જરૂરીયાત સંતોષવા તેની

બચતને પ્રાધાન્ય આપવામાં આવ્યું અને મહિલાઓ દ્વારા "સ્વ સહાય જુથ" નું મોડલ અપનાવવામાં આવ્યું. નાણાંકીય ક્ષેત્રે તેમાંય ખાસ કરીને નાબાર્ડ અને R.B.I. આમાં સાથ આપીને ચોક્કસ નીતી નિયમોને આધારે SHGને બેન્ક સાથે સાંકળવાના કાર્યક્રમને અમલી બનાવતાં ગરીબ મહિલાઓ માટે ધિરાણ મેળવવા માટે નાણાંકીય સંસ્થાઓના દ્વાર ખુલ્લા થયા. પરિણામે આજે માઈક્રોફાઈનાન્સ કાર્યક્રમો અને સંસ્થાઓની ભરમાર છે. પરંતુ સુક્ષ્મધિરાણ પુરું પાડવાના વ્યુહ તરીકે સ્વીકારવામાં આવેલુ સ્વ-સહાય જુથનું માળખુ આજે પણ યથાવત છે.

## ૨. સુક્ષ્મ ધિરાણની માહિતી

સુક્ષ્મ ધિરાણ શબ્દનો પ્રારંભ અર્થશાસ્ત્રના પ્રોફેસર તરીકે વર્ષો સુધી અધ્યાપન કાર્ય કરનાર શ્રી મોહમ્મદ યુનુસ તરફથી થયેલો. જ્યારે ૧૯૭૪માં બાંગ્લાદેશમાં ભયંકર દુષ્કાળ પડ્યો ત્યારે ગરીબોની દુર્દશા જોઈ તેમને ભાન થયુ કે અર્થશાસ્ત્રની ચોપડીમાં પડેલા સિધ્ધાંતોનો વાસ્તવિક મનુષ્ય જિંદગી સાથે કશો સંબંધ નથી. ત્યારે તેમને ગરીબના જીવનનું અધ્યયન કરવાની લાલશા જાગી અને ત્યારથી સુક્ષ્મ ધિરાણ જેવો વિચાર તેમના મનમાં ધીરેધીરે આકાર લેવા શરૂ થયેલો. માટે તેમને ૨૭ ડોલરની પહેલી લોન એક ગામડાના લોકોને આપી. જેના આધારે ફલિત થયું કે ધિરાણ વડે ધંધો વધારી તેઓ નજીકના બજારમાં વધુ વેચાણ કરતા થયા. તેમજ ફટાફટ ધિરાણ ભરવા લાગ્યા અને ગરીબોની આવક વધવા લાગી. અને જેની નોંધ વર્લ્ડ બેંકે પણ લીધી અને ત્યારથી સુક્ષ્મ ધિરાણનો વિકાસ થયો.

### *૨.૧.વ્યાખ્યા દ્વારા સમજૂતી*

રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયા-૨૦૦૭ દ્વારા સૂક્ષ્મધિરાણ વ્યાખ્યાન્વીત કરવું હોય તો, "ગ્રામીણ વિસ્તારમાં વસવાટ કરતા ગરીબ લોકોને ટુંકી રકમની મદદ કરી નાની ચીજવસ્તુઓના ઉત્પાદન માટે પ્રોત્સાહિત કરી તેમની આવકનું પ્રમાણ વધારવું અને નાણાંકીય સહાય આપતી સંસ્થાઓને પ્રોત્સાહન આપી સુધારવી."

સુક્ષ્મ ધિરાણ એટલે 'ધંધાકીય કામ માટે જરૂરી નાણું પુરુ પાડવું કે પ્રાપ્ત કરવું.' નાણાનો વહીવટ કરવો તેમજ કોઈ એક પેઢીને પ્રાપ્ત થતા ધિરાણ અંગેનું વિશ્લેષણ સહેલાઈથી કરી શકાય છે. પરંતુ આ પધ્ધતિથી સમગ્ર અર્થતંત્રની ધિરાણ વ્યવસ્થા અંગેના નિયમો તારવી શકતા નથી. ધિરાણનો આધાર ત્રણ 'ક' પર રહેલો છે.

૧. Capicity
૨. Capital
૩. Character

## ૩. મહેસાણા જિલ્લા – તાલુકામાં સુક્ષ્મ ધિરાણનું પ્રમાણ

મહેસાણા જિલ્લામાં બેંકો- SHG દ્વારા થયેલુ સુક્ષ્મધિરાણની માહિતી

| ક્રમ | તાલુકા | SHG ની સંખ્યા | સુક્ષ્મ ધિરાણ (લાખમાં) |
|---|---|---|---|
| ૧ | મહેસાણા | ૧૮૮૦ | ૬૨૧.૫૧ |
| ૨ | વિજાપુર | ૧૧૮૬ | ૧૭૩.૭૮ |
| ૩ | વિસનગર | ૧૧૦૫ | ૩૭૬.૧૦ |
| ૪ | કડી | ૧૧૨૫ | ૨૧૫.૬૦ |
| ૫ | ખેરાલુ | ૬૦૦ | ૧૩૪.૫૧ |
| ૬ | બેચરાજી | ૬૪૯ | ૧૯૫.૦૫ |

| | | | |
|---|---|---|---|
| ૭ | સતલાસણા | ૬૯૯ | ૨૧૪.૨૫ |
| ૮ | ઉંઝા | ૬૮૯ | ૧૩૯.૮૭ |
| ૯ | વડનગર | ૭૨૩ | ૧૨૪.૧૫ |
| | **કુલ** | **૮૬૫૬** | **૨૧૯૪.૮૨** |

**(સંદર્ભ : મહેસાણા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી મિશન મંગલમ શાખા, તા. ૧/૪/૨૦૧૯)**

મહેસાણા જિલ્લામાં બેંકો દ્વારા થયેલુ લઘુધિરાણની માહિતી દર્શાવવામાં આવી છે. જેમાં મહેસાણા તાલુકામાં ૧૮૮૦માં ૬૨૧.૫૧ લાખનું ધિરાણ કરેલ છે. જયારે બીજા ક્રમે વિસનગર તાલુકાના ૧૧૦૫ SHGમાં ૩૭૦.૧૦ લાખનું ધિરાણ કરેલ છે. જયારે સૌથી ઓછુ ધિરાણ વડનગર તાલુકામાં ૭૨૩ SHG ગૃપોમાં ૧૨૪.૧૫ લાખનું ધિરાણ થયેલું છે. આમ, મહેસાણા જિલ્લામાં કુલ નવ તાલુકાના ૮૬૫૬ SHGમાં ૨૧૯૪.૮૨ લાખનું ધિરાણ કરવામાં આવેલ છે. પરિણામે SHGની સંખ્યા વધારી વધુ ધિરાણ દ્વારા ગરીબ કુટુંબોને આર્થિક મદદ પ્રમાણમાં વધારી શકાય છે.

## ૪. સંશોધનનું કાર્યક્ષેત્ર

આ સંશોધનમાં ઉત્તરગુજરાતના મહેસાણા જિલ્લાના કુલ ૯ તાલુકા પૈકી મહેસાણા તાલુકો અભ્યાસ માટે ત્રણ ગામ પસંદ કરવામાં આવ્યા છે. આ સંશોધનમાં ઉત્તરદાતાની પ્રાથમિક અને આર્થિક તેમજ વિષયના અનુરૂપ માહિતી જાણવા માટે પ્રશ્નાવલિ પધ્ધતિનો ઉપયોગ કરી સંશોધન પૂર્ણ કરેલ છે.

## ૫. ઉદ્દેશો

૧. સૂક્ષ્મ ધિરાણની ભૂમિકાઓનો અભ્યાસ કરવો.
૨. ઉછીના નાણા મેળવનારના આર્થિક લાભો જાણવા માટે
૩. સુક્ષ્મ ધિરાણની સમસ્યાઓ અને બનાવોનો અભ્યાસ કરવો.

## ૬. પરિકલ્પના

૧. સૂક્ષ્મધિરાણ સ્ત્રીઓને જામીનગીરીને આધારે અપાય છે.
૨. સુક્ષ્મ ધિરાણ નાણાં ઉછીના લેનારસ્ત્રીની અંદર વિવિધ કૌશલ્યો કેળવે છે.
૩. સુક્ષ્મ ધિરાણ દ્વારા સ્ત્રીઓની પરિસ્થિતિમાં ફેરફાર થયો છે.

## ૭. સંશોધન વિશ્લેષણ પધ્ધતિ

કોઈપણ અભ્યાસમાં મુલ્યાંકન આંકડાકીય રીતે થાય છે. ઉત્તરદાતા પાસેથી તેમની માસિક આવક, શિક્ષણ, વ્યવસાય, સુખ-સગવડના સાધનો, મકાનની સ્થિતિ, જમીનની માહિતી, પશુધન ઉપરાંત એસ.એચ.જી. તથા સુક્ષ્મ ધિરાણ કરતી સંસ્થાઓની માહિતી મેળવી સંશોધનની જુદી જુદી પધ્ધતિનો ઉપયોગ કરેલ છે. જેમાં Excel, SPSS, Chi-Square Test, Graph નો ઉપયોગ કરેલ છે. આ સંશોધન માટે સર્વેક્ષણ પધ્ધતિનો ઉપયોગ કર્યો છે. જેની માહિતી નીચે મુજબ છે.

### ૭.૧.પ્રાથમિક માહિતી

*ગૃપ–એ*

મહેસાણા તાલુકાના ૨૦૧૯-૨૦ વર્ષના ગાળાના પસંદગી કરાયેલા ત્રણ ગામ ગોકળગઢ, સામેત્રા અને લીંચની પસંદગી કરી છે.

*ગૃપ–બી*

-સ્મોલ હેલ્પ ગૃપ (S.H.G.)પ સેમ્પલ (ઉત્તરદાતાઓ)

### ૭.૨ ગૌણ માહિતી

સંશોધન માટે ગૌણ માહિતીનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે. આ માહિતી જુદી જુદી સંસ્થાઓ તેમજ કચેરી દ્વારા બહાર પાડવામાં આવેલી સુક્ષ્મ ધિરાણને લગતી માહિતી, રીપોર્ટ, સંશોધનપત્રો, ગુજરાત સરકાર તેમજ કેન્દ્ર સરકાર દ્વારા બહાર પડાયેલી આંકડાકીય માહિતી તેમજ બજેટ, સમાચાર પત્રો, ઈન્ટરનેટ વગેરેના માધ્યમથી વિષયને અનુરૂપ અને સુસંગત માહિતી એકઠી કરવામાં આવી છે.

### ૮. તારણો

૧. કુલ ઉત્તરદાતામાંથી ૩૨.૫૦% ઉત્તરદાતાઓ જનરલ એ એસ.સી. જ્ઞાતિના છે. જ્યારે સૌથી વધુ ૩૫% ઉત્તરદાતાઓ ઓ.બી.સી. જ્ઞાતિના છ.

૨. કુલ ઉત્તરદાતામાંથી ૬૮.૩૩% ઉત્તરદાતાઓ પાસે પશુધન તરીકે ભેંસ છે. જ્યારે ૭.૫% ઉત્તરદાતાઓ પાસે ગાય અને ૨.૫% ઉત્તરદાતાઓ પાસે બળદ કે ઉંટ છે.

૩. કુલ ઉત્તરદાતામાંથી ૫૪.૧૬% ઉત્તરદાતાઓ ૩ થી ૫ વર્ષથી સુક્ષ્મધિરાણમાં જોડાયેલા છે અને ૩૩.૩૩% ઉત્તરદાતાઓ ૬ થી ૮ વર્ષથી જોડાયેલા છે. જ્યારે ૩.૩૩% ઉત્તરદાતાઓ ૮ વર્ષથી વધુ વર્ષથી જોડાયેલા છે.

૪. કુલ ઉત્તરદાતામાંથી ૯૫% ઉત્તરદાતાઓ પાસે પોતાની ઈચ્છાથી સુક્ષ્મ ધિરાણમાં જોડાયેલા છે. જ્યારે ૧.૬૬% ઉત્તરદાતાઓ દેખાદેખીથી અને ૩.૩૪% ઉત્તરદાતાઓ મિત્ર કે સગાસંબંધીના કહેવાથી જોડાયેલા છે.

૫. કુલ ઉત્તરદાતામાંથી ૫૪.૧૬% ઉત્તરદાતાઓ એસ.એચ.જી.માં જોડાયા પહેલાં સગાસંબંધી પાસેથી લોન મેળવતા હતા. જ્યારે ૨૧.૬૬% ઉત્તરદાતાઓ ગામના પ્રતિષ્ઠિત વ્યક્તિ પાસેથી તેમજ ૧૨.૫૦% ઉત્તરદાતાઓ બેંક પાસેથી લોન મેળવતા હતા. અને ૬.૬૭% ઉત્તરદાતાઓ મિત્રો પાસેથી લોન મેળવતા હતા.

૬. કુલ ઉત્તરદાતામાંથી ૮૦% ઉત્તરદાતાઓને સુક્ષ્મ ધિરાણ મેળવેલ છે.

૭. કુલ ઉત્તરદાતામાંથી ૯૫% ઉત્તરદાતાઓ જામીનગીરી આપ્યા વગર સુક્ષ્મધિરાણ મેળવે છે.

૮. કુલ ઉત્તરદાતાઓમાંથી ૮% ઉત્તરદાતાઓ ના મતે તેમને નાણાંકીય ભીડ હોવાને કારણે સુક્ષ્મધિરાણની ભરપાઈ કરેલ નથી. જ્યારે ૧.૬૬% ઉત્તરદાતાઓ ભુલાઈ જવાને કારણે ભરપાઈ કરેલ નથી.

૯. કુલ ઉત્તરદાતામાંથી ૪૨.૫૦% ઉત્તરદાતાઓ ના મતે લોનની ચુકવણી સમયે મુશ્કેલી ઉભી થાય છે. માટે લોનની ચુકવણી સમયે પૈસા ઉછીના લાવવા પડે છે. જ્યારે ૧૭.૫૦% ઉત્તરદાતાઓ લોનની ચુકવણીની મુશ્કેલી દુર કરવા વર્ષના અંતે લોન ભરપાઈ કરવાનું હોવું જોઈએ. જ્યારે ૧૩.૩૩% ઉત્તરદાતાઓ ના મતે વ્યાજનો દર ઘટાડવો જોઈએ.

૧૦. કુલ ઉત્તરદાતામાંથી ૫૫% ઉત્તરદાતાઓ તેમની બચત શક્તિમાં વધારો થયો છે. અને ૫૨% ઉત્તરદાતાઓ બેંકીગની જાણકારી તેમજ ૫૦% ઉત્તરદાતાઓ જાતે જ બચત કરતા થયા છે. આ ઉપરાંત ૧૮.૩૩% ઉત્તરદાતાઓ નવો ધંધો ચાલુ કરી શક્યા છે. તેમજ તેમના પતિના ધંધામાં મદદ કરી શક્યા છે. જ્યારે ૧૦% ઉત્તરદાતાઓ એસ.એચ.જી.ને કારણે સરકારી કચેરીના સંપર્કમાં આવવાનો ફાયદો થયો છે.

૧૧. કુલ ઉત્તરદાતાઓમાંથી ૨૧.૬૬% ઉત્તરદાતાઓને સુક્ષ્મ ધિરાણને કારણે રૂ. ૨૦૦૦થી ૧૦૦૦૦ ની આવક વધી છે. જ્યારે ૧૪.૮૩% ઉત્તરદાતાની આવકમાં ૧૨૦૦૦ થી ૪૦૦૦૦ નો વધારો થયો છે. તેમજ ૧.૬૭% ઉત્તરદાતાઓને ૫૦૦૦૦ ની આવક વધી છે. જ્યારે ૦.૮૩% ઉત્તરદાતાઓ ને ૧૦૦૦૦૦ રૂ.ની આવક વધી છે.

૧૨. SHG ગૃપોની રચના કરવાનો ઉદ્દેશ ૮૦% ના મતે બચત કરવાનો તથા ૬૦% ના મતે લોન મેળવવા અને સ્વરોજગાર હેતુ માટે હતો. જ્યારે ૨૦% SHG ગૃપોનો હેતુ સરકારી યોજનાનો લાભ મેળવવાનો હતો.

૧૩. કુલ SHG ગૃપોમાંથી ૮૦% સભ્યોને ધિરાણનો ઉપયોગ શિક્ષણ માટે તથા કૃષિ માટે કરેલ છે. તેમજ ૬૦% સભ્યોને સામાજીક પ્રસંગો માટે, ધંધાના વિકાસ માટે અને ઘરના કામકાજ માટે ઉપયોગ કરેલ છે.

## ૯. સૂચનો

૧. સૂક્ષ્મધિરાણ ખાસ કરીને ગૃહઉદ્યોગો સ્થાપવા માટે, ‘સ્પેશ્યલ લોન’ની સગવડ આપવી જોઈએ. જેથી વધુ ધિરાણ મેળવી શકાય.

૨. SHG ગૃપોમાં સરકાર દ્વારા દરેક સ્ત્રીને સભ્ય બનવા પર ભાર મુકવો તેમજ ફરજીયાત કરવું જેથી સુક્ષ્મધિરાણમાં સ્ત્રીઓની ભાગીદારી વધારી શકાય.

૩. ગામડાની સ્ત્રીઓ ઘરકામની સાથો સાથ પશુપાલન ક્ષેત્રમાં પણ રોકાયેલી રહે છે. માટે સ્ત્રી સભ્યો દ્વારા પશુની (ગાય, ભેંસ, બકરી) ખરીદી માટે સુક્ષ્મધિરાણનો ઉપયોગ કર્યો છે. તેથી કૃષિક્ષેત્રનો વિકાસ સાથે પરોક્ષ રીતે પશુપાલન ક્ષેત્ર જોડાયેલ છે. માટે પશુધન માટે વધુ સુક્ષ્મધિરાણ આપવામાં આવે તેવી જોગવાઈ કરવી જોઈએ.

૪. સુક્ષ્મધિરાણ કરતાં SHG ગૃપો માં સરકાર દ્વારા ૫૦૦૦ ના રીવોલ્વીંગ ફંડ ઉપરાંત અન્ય અકસ્માત ફંડ મુકવો જોઈએ. જેનો ઉપયોગ સભ્ય સ્ત્રી અકસ્માત સમયે તાત્કાલિક મેળવી શકે.

૫. સુક્ષ્મધિરાણનો ઉદ્દેશ જામનગીરી વગર ધિરાણ આપવાનો છે. પરંતુ કેટલાક સભ્યો બિનજામીનગીરીનો અયોગ્ય ફાયદો ઉઠાવી લોન મેળવ્યા બાદ ભરપાઈ કરતા નથી. પરિણામે સરકાર દ્વારા જામીનગીરીમાં SHG ગૃપોના ગૃપના કોઈ બે સભ્યોને જામીનગીરીમાં મુકવા જોઈએ.

૬. લોનનો હપ્તો દર માસે ભરવાનો હોય છે. પરિણામે ગરીબ વર્ગના લોકો પાસે જો તે નિયત સમયે નાણાં ન હોય તો તેમને ઉછીના લેવા પડે છે. તથા વ્યાજે નાણાં લાવવા પડે છે. માટે વર્ષના અંતે બધા જ નાણાં અને વ્યાજની ભરપાઈ થાય તેવી વ્યવસ્થા કરવી જોઈએ.

૭. સરકાર દ્વારા દર માસે SHG ગૃપોનું ઓડિટ થાય તેવી પ્રક્રિયા હાથ ધરવી જોઈએ.

૮. એન.જી.ઓ. તેમજ માઈક્રો ફાઈનાન્સ ઈન્સ્ટીટ્યુટ દ્વારા સભ્ય બહેનોને વીમો લેવામાં આવે છે. તે મુજબની સહાય સરકારે SHG ગૃપોને પણ કરવી જોઈએ.

## સંદર્ભ

૧. દશરથ બી. પ્રજાપતિ, (૨૦૧૪). સુક્ષ્મધિરાણની સમસ્યાઓ અને અસરોનો અભ્યાસ (મહેસાણા તાલુકાના સંદર્ભે). અપ્રકાશિક મહાશોધ નિબંધ, પાટણ : હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી